# હિંદી દિવસની ઉજવણી યથાર્થ કરીએ

તંત્રીસ્થાનેથી...

સપ્ટેમ્બર માસની ચૌદમી તારીખ દેશમાં હિંદી દિવસ તરીકે ઊજવાતી રહી છે. દેશ આઝાદ થયો - અંગ્રેજો ગયા પણ અંગ્રેજી મૂકતા ગયા. મહાત્મા ગાંધીથી લઈ દેશના તમામ પ્રબુદ્ધ અગ્રણીઓ, પછી તે ગાંધી વિચાર સાથે પ્રામાણિક મતભેદ ધરાવતા સુભાષચંદ્ર બોઝ હોય તો પણ દેશની પ્રજાને એક સૂત્રમાં બાંધવા માટે રાષ્ટ્રભાષાની અનિવાર્યતાનો સ્વીકાર કરતા હતા. ચક્રવર્તી રાજાગોપાલાચારી તમિલનાડુના નેતા હતા છતાં હિંદીને રાષ્ટ્રભાષા બનાવવાની ઝુંબેશમાં સામેલ થયા હતા. તે વખતે નવી નવી આઝાદી મળેલી એટલે દેશની પ્રજામાં સૌથી વધુ પ્રમાણમાં બોલાતી અને સમજાતી ભાષા તરીકે હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકૃતિ આપવાની ઝુંબેશ પણ આઝાદીની ચળવળ જેટલી જ હોંશમાં ચાલી હતી. ગાંધીજીએ હિંદીને દેશવ્યાપી બનાવવા ઉર્દૂ સહિતની અન્ય ભારતીય ભાષાઓના શબ્દો સામેલ કરીને 'હિંદુસ્તાની' જેવી મિશ્ર ભાષા બનાવવાનો વિચાર રજૂ કરેલો. જો કે હિંદીના કહેવાતા પંડિતોએ પ્રાંજલ સંસ્કૃતમય ખડીબોલી હિંદીને વળગી રહેવાનો અભિગમ અપનાવ્યો એથી એ કાર્યક્રમ ખોરવાઈ ગયો હતો. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ હિંદીના રાષ્ટ્રીય મહત્ત્વને ઓળખી પોતે સંસ્કૃતના પંડિત હોવા છતાં એમનો સંપ્રદાયગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ' હિંદીમાં લખ્યો હતો. હિંદીનો વિરોધ પ્રદેશવાદ નિમિત્તે શરૂ થયો - એને ઉત્તરભારતની અસ્મિતાનું પ્રતિક ગણી પોતાની ઉપર ઠોકી બેસાડાઈ રહી છે એવું દક્ષિણ ભારતીય પ્રજાને ઠસાવવામાં આવ્યું. આર્ય અને દ્રવિડ સંસ્કૃતિ વચ્ચેનું જૂગજુનું વૈમનસ્ય યાદ કરી હિંદીનો પ્રતિકાર કરવાનાં આંદોલનો કરાયાં. આખરે હિંદીના હાથ હેઠા પડ્યા અને રાષ્ટ્રભાષાનો દરજ્જો મળતાં મળતાં રહી ગયો. અંગ્રેજીને કામચલાઉ રાજભાષા તરીકે સ્વીકારવામાં આવેલી તે વધુ મજબૂત થતી ગઈ. હિંદી એની અળખામણી શોક્ય બનીને વહીવટી ભાષા તરીકે ટકી રહી છે. દેશની પ્રજામાં એ કૌતવ નથી કે તે પોતાની એક ભાષાને રાષ્ટ્રભાષાની ગરિમા બક્ષી શકે ! વાજપેયીએ યુનોમાં હિંદીમાં ભાષણ કરીને ચક્રવ્યૂહનો એક કોઠો ઓળંગી બતાવ્યો, મોદીએ હિંદીને જ વિશ્વમાં ગાજતીગૂંજતી જરૂર કરી પણ સંસદમાં આટલી જંગી બહુમતી છતાં એને રાષ્ટ્રભાષા જાહેર કરવાની એમની હિંમત નથી. એટલે ૧૪ સપ્ટેમ્બરનો હિંદી દિવસ કે પછી યુનોએ જાહેર કરેલ હિંદી દિન ઊજવવા ખાતર ઊજવી નંખાશે ખરા - પરંતુ ઉફમા મનથી. પરિણામ નથી જ મળવાનું એવી દહેશત સાથે. ૧૪ સપ્ટેમ્બરથી બહુ નજીક ૧૭મી સપ્ટેમ્બરે જ વડાપ્રધાનનો જન્મદિવસ આવી રહ્યો છે. તે દિવશે કાશ્મીર અંગેના ઐતિહાસિક નિર્ણય અંગે શાળામાં બાળકોને વાકેફ કરવા અંગેનો પરિપત્ર ફરી રહ્યો છે. રાષ્ટ્રભાષા કરતાં રાષ્ટ્રનાયક વધુ મહત્ત્વના બની ચૂક્યા છે!

# કેહતે હૈ દૂધ કા જલા, છાછ ભી ફૂક ફૂક કર પીતા હૈ




**કેહતે હૈ દૂધ કા જલા, છાછ ભી ફૂક ફૂક કર પીતા હૈ**

**- કિસ કિસ કો પ્યાર કરું**

ઈ.સ. ૨૦૧૫માં કપિલ શર્મા અભિનિત અને અબ્બાસ મસ્તાન દિગ્દર્શિત 'કિસ કિસ કો પ્યાર કરું' આ ફિલ્મ ઠીક ઠીક ચાલી હતી. જો કે સુભાષ ઘાઈની એક માત્ર પ્રોડ્યુસ કરેલી 'નીમ્બેહુલી' નામક કન્નડ ફિલ્મ તરફથી આ ફિલ્મને સ્ક્રીપ્ટની કૉપી કરવા માટે લીગલ નોટીસ આપવામાં આવી હતી.

આમ જોવા જઈએ તો 'સાજન ચલે સસુરાલ', 'સેન્ડવીચ' જેવી ગોવિંદાની ફિલ્મો - જેવું જ આ ફિલ્મનું પણ કથાનક હતું, અને ગોવિંદા જેવું કોમિક ટાઈમીંગ પણ આ ફિલ્મમાં નહોતું જોવા મળ્યું. છતાં કપિલ શર્માની પહેલી ફિલ્મ અને તેના જ હાઈપમાં ફિલ્મ ઠીક ઠીક ચાલી ગઈ હતી.

ફિલ્મના સંવાદ અનુકલ્પ ગોસ્વામી અને ધીરજ શર્માએ લખ્યાં હતા. જો કે પ્રસ્તુત સંવાદ તો રૂઢિપ્રયોગની જેમ છાશવારે આપણે ત્યાં ઉપયોગમાં લેવાય છે.

વ્યવહારમાં બોલાતી આ લોકપ્રિય ઉક્તિનું મૂળ ખરેખર હિતોપદેશમાં જોવા મળે છે.

**ક્ષીરેણ દગ્ધજિહ્વ તક્રં કુત્કૃત્ય બાલકઃ પિબતિઃ ॥**

**- હિતોપદેશ**

દૂધથી એકવાર દાઝ્યા પછી બાળક છાશ પણ ફુંકી ફુંકીને પીવે છે.

આશરે ૧૪મી સદીમાં થઈ ગયેલા કૃતિના કર્તા નારાયણ પંડિત છે. 'હિતોપદેશ' માં મિત્રલાભ, સુહ્રદભેદ, વિગ્રહ, સંધિ એમ ચાર ભાગ છે.

'નારાયણ પંડિત' બંગાળના માંડલિક રાજા ધવલચંદ્રના રાજકવિ હતા. પંડિત નારયણે પંચતંત્ર તથા અન્ય નીતિ ગ્રંથોની મદદથી 'હિતોપદેશ' ગ્રંથની રચના કરી હતી.

અગાઉ ઘણીવાર લખી ચૂક્યો છું, તેમ 'પંચતંત્ર' અને 'હિતોપદેશ' જેવા નીતિવિષયક ગ્રંથો અનિવાર્ય પણે દરેકના ઘરમાં હોવા જ જોઈએ. આ ગ્રંથોમાં પશુ-પક્ષીની સરળ કથાઓ દ્વારા ઊંડાણભરી જ્ઞાનસભર વાતો કહી દેવાની શૈલી અદ્ભૂત છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# આજે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન કાર્યશાળા





● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત વાર્તા, કાવ્ય અને એકાંકી પ્રસિદ્ધિ અન્વયે ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના ઉપક્રમે, લેખક-વાર્તાકાર કનુ અસામલીકર દ્વારા સંપાદિત ટૂંકી વાર્તાનો સંચય 'તાદાત્મય' અને એમનાં ત્રીજા વાર્તાસંગ્રહ 'ટર્નિંગ પૉઈન્ટ' નો વિમોચન અને લોકાર્પણ સમારોહ તા. ૧૫-૦૯-૨૦૧૯ને રવિવારના રોજ, સંસ્થાના પ્રમુખ ડૉ. મોહન પરમારના અધ્યક્ષસ્થાને બપોરના ૧ થી ૪ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, સમિતિ ખંડ, ગ-રોડ, સેકટર-૧૨, ગાંધીનગર યોજાશે, જયારે બંને પુસ્તકો પૈકી 'તાદાત્મય' વિમોચન કિરીટ દૂધાત અને 'ટર્નિંગ પોઈન્ટ'નું વિમોચન બિપિન પટેલ કરશે. 'તાદાત્મય' અંગે ધર્માભાઈ શ્રીમાળી વકતવ્ય આપશે અને 'ટર્નિંગ પોઈન્ટ' અન્વયે કલ્પેશ પટેલ વકતવ્ય આપશે. કનુભાઈ અસામલીકર પ્રાસંગિક પ્રવચન કરશે. અધ્યક્ષીય વકતવ્ય ડૉ. મોહન પરમાર કરશે. આભારવિધિ રમણ વાઘેલા, સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. યશવંત વાઘેલા કરશે. આ સમારોહમાં પધારવા નિલેશ કાથડ, ધરમસિંહ પરમાર અને મૂળજીભાઈ પરમારે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

● વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતીના સત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્ર તથા વ્યાકરણની સમજૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા ૨૬મી કાર્યશાળા ચિલ્ડ્રન યુનિ. સેકટર-૨૦ના સભાખંડમાં ૧૪મી સપ્ટે. ૨૦૧૯ના રોજ ૩.૩૦ વાગે યોજાશે, જેમાં એક આદર્શ શિક્ષક સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર અને વ્યાકરણના અભ્યાસુ કલ્પેશ પટેલ 'ગુજરાતી વ્યાકરણ સંધિ' શિખવાડશે. કિશોર જિકાદરા ભાષાની ગરિમા પ્રદર્શિત કરતો રસપ્રદ પ્રયોગ કરશે. જયારે જય ઓઝા ભાષાવિજ્ઞાનમાં પ્રાચીન ભારતની સિદ્ધિઓની એક ઝલક આપશે અને પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહ માતૃભાષાનો મહિમા કરતું પ્રેરક વકતવ્ય આપશે. ભાષા પ્રેમી પરિવારજનોને પધારવા સંજય પંડ્યાએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# સંવેદનશીલ કવિના ચિત્તમાં વરસતા અનરાધાર કાવ્યો ભાવકને ભીંજવે તેવા છે




કવિ જયારે એમ કહે કે, 'કોઈ અલૌકિક ઘટનાના ભાગ રૂપે સળંગ ૩૪ દિવસ સુધી ૧૮૦ વરસાદી કાવ્યો અવતર્યા. આ દિવસો દરમિયાન એવું અનુભવાયું કે - ઈશ્વર શબ્દથી, સેવાથી, સ્નેહથી અને સમર્પણથી પોતાનું અનુસંધાન રચતો હોય છે. 'વરસાદ' એટલું બોલતાં જ કે સાંભળતાં જ મન પ્રસન્નતા અને ઉદાસીની વચ્ચે આંદોલિત થવા માંડે છે.' વાસ્તવિક સંબંધો તો સમજ્યા પણ જે સંબંધો જીવાયા નથી કે બંધાયા નથી એ સંબંધોના સંવેદનો પણ આ વરસાદી કાવ્યોમાં ઝીલાયા છે એ જોઈને જરૂર એમ થાય કે આ જીવન એક નહીં પણ સાત ભવથી બંધાયેલું કે સંધાયેલું હોવું જોઈએ.

સમગ્ર ગુજરાતમાં ભાદરવો ભરપૂર વરસી રહ્યો છે ત્યારે કવિને ૩૪ દિવસના આવેશમાં ધોધમાર પ્રવાહમાં સ્ફૂરેલ કાવ્યોમાંથી ૧૭૧ કાવ્યોનો 'વરસાદ' કાવ્ય સંગ્રહ મળે છે. તેને માણવાનું આ વરસાદી મૌસમમાં તમને પણ ગમશે.

વરસાદની ૧૭૧ કવિતા કવિ દિનેશ કાનાણીનો કાવ્ય સંગ્રહ છે. કવિ માટે વરસાદ, વિશ્વાસ અને વ્હાલ આવતી કાલના શ્વાસ છે. વરસાદ વિશેનાં ઘણાં બધાં તદ્દન નવા, તાજગીસભર અને સ્પષ્ટ સંવેદના અહીં અવતર્યા છે. અહીં માત્ર આભનો નહીં પણ મનના અન્ય ભાવજગતનો વરસાદ કાવ્યોમાં ઝીલાયો છે.

આ અનરાધાર કાવ્યોના સંગ્રહને જાણીતા કવિ દિનેશ અંતાણીનો શબ્દ સ્નેહ પ્રાપ્ત થયો છે. તેઓ જણાવે છે કે 'આ કાવ્યોમાં વરસાદનાં વિવિધરુપ ઝીલાયા છે. એમાં માનવીય સંવેદન છે, વરસાદ માટે બાળસહજ વિસ્મય છે. ભરપૂર પ્રેમની ઝંખના છે.' જીવન અને સંબંધોના અર્થ સમજવાની તરસ છે. તર્ક છે, ફિલોસોફી છે. કેટલીક ટચૂકડી કવિતામાં ટૂંકી વાર્તામાં આવે તેવા તણખા છે. ચમત્કૃતિ છે. ચિત્રાત્મકતા છે. સાયુજ્ય છે. પ્રિયજનની પ્રતીક્ષા છે અને મિલનનો ઉન્માદ છે. સ્મૃતિઓનો અપાર છે.

આ કાવ્યોનો લય કયારેક ધીમી ધારે વરસતા વરસાદનાં બુંદ બુંદનો લય છે. તો બંને કાઠે વહેતી નદીના પ્રવાહની ગંભીરતા પણ છે. વરસાદ વરસતો હોય ત્યારે ભીતર ઉછળવા ભાવોને કાબુમાં રાખવા મુશ્કેલ. અહીં, આ કાવ્યોમાં વરસાદ બહાર વરસતો નથી, સંવેદનશીલ કવિના ચિત્તમાં વરસે છે. દિનેશ કાનાણીએ કવિતાની નાની નાની હોડીઓ વરસાદમાં તરવા મૂકી છે.

**જિંદગી તો**
**મને તાઈ ગઈ'તી**
**કયાં નો કયાં ?**
**આ તો વરસાદ આવ્યો**
**ને**
**હું તરી ગયો.**

ભીતરના એક ભરપૂર ચોમાસાને અનરાધાર વરસાવતા કવિની મને આ કાવ્ય રચના પણ ગમી.

**ધોધમાર વરસાદમાં**
**એણે પૂછ્યું 'ફરી કયારે મળીશું ?'**
**ને મને સંભળાયું**
**'આમ જ મળતા રહીશું.**

વરસાદી કાવ્યોના કવિ દિનેશ કાનાણીના પુસ્તકો શ્રી ગઝલ, તારા ગયા પછી, તત્વ, એક કપ કોફી અને... કેટલાંક સુરેશ દલાલ, કાજલ ઓઝા વૈદ્ય, ડૉ. શરદ ઠાકર, સાથે કરેલા સ્પંદનો અને 'ડાયલોગ' સામયિક જાણીતાં છે. કવિને આ પ્રસંગે ધોધમાર અભિનંદન સહશુભેચ્છા પાઠવું છું.

**વરસાદની ૧૭૧ કવિતા**
**લેખક : દિનેશ કાનાણી**
**પ્રકાશ** - K Books
**કિંમત - ૧૫૧/-**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯**

# દર્શક તથા નાનાભાઇ : કેળવણીના ઉત્તમ શિખરો




કેટલાક પુણ્યશ્લોક લોકોની સ્મૃતિ આપણાં રોજબરોજ ચાલતા જીવનમાં એક નવી સ્ફૂર્તિ કે પ્રસન્નતાનો અનુભવ કરાવી જાય છે. દર્શકદાદા તેમજ નાનાભાઈ ભટ્ટ એ આવાજ બે નિરાળા નામ છે. જેમની સ્મૃતિ લોક હદયમાં ચિર સ્થાયી છે. દર્શકના અનેક જીવન ઉપયોગી કાર્યોમાં તેમની વાચન કથા એ અલગ ભાત પાડતી બાબત છે. વિદ્યાર્થીઓના ઈતર વાચન માટે દર્શકે પોતે જે કંઇ વાંચ્યું છે અને તેની જે અસર તેમના વિચારો પર થઇ છે તેના આત્મ નિવેદન સ્વરૂપે દર્શકદાદાએ પોતાની વાચનકથા લખી છે. (વાગીશ્વરીના કર્ણફૂલો) શ્રી રામચન્દ્ર પંચોળીએ તેનું સંપાદન કરીને આપણાં પર ઉપકાર કરેલો છે.

મનુભાઈ પંચોળી '' દર્શક '' ના નામ સ્મરણ સાથેજ એક વિશાળ તથા ભાતીગળ સાહિત્ય સૃષ્ટિ નજર સામે તરવરે છે. જીવન સાથે સંકળાયેલ ભાગ્યેજ કોઇ એવો વિષય હશે કે જેને દર્શક દાદાએ સ્પર્શ ન કર્યો હોય. '' દિપનિર્વાણ '' જેવી નવલકથાઓએ અનેક ભાવકોના દિલમાં દીવા પ્રગટાવ્યા હતા. અનેક ગુજરાતીઓ સોક્રેટીસની ભવ્યતાનું દર્શન દર્શકના સાહિત્ય થકી પામી શક્યા છે. સુસજ્જ વિવેચક તરીકે પણ દાદાનું ગજુ આસમાનને આંબે તેટલું છે. આ બધુ હોવા છતાં તેમનામાં રહેલો શિક્ષક કદી ઝાંખો પડ્યો નથી.

દર્શકના ઘડતરમાં નાનાભાઈ ભટ્ટનો ફાળો રહ્યો. કેળવણીના ગાંધી વિચારોને નાનાભાઈના કારણે વાસ્તવિક સ્વરૂપ મળ્યું. નાનાભાઈના વ્યક્તત્વની ખૂબીઓ સમજવા મનુભાઈ પંચોળીએ આલેખેલી આ વાત ધ્યાનથી સાંભળવા જેવી છે.

''ગાંધીજીએ આફ્રિકાથી મુંબઈ બંદરે ઉતરી હિન્દુસ્તાનમાં પ્રવેશ કર્યો તે ૨૦૧૫ નું વર્ષ છે. ભાવનગરના તખ્તેશ્વર મંદિર પાસેના એક બૉર્ડિંગ હાઉસના દરવાજા પર ભરબપોરે ધમાલ મચી છે. શસ્ત્રસજ્જ શિકારીઓની ટોળી એક બંધ બૉર્ડિંગ હાઉસના દરવાજા બહાર ક્રોધ સાથે ઊભેલી છે. તેઓ પૂછપરછ કરે છે.''

''માસ્તર કયાં છે ?''

''નાનાભાઈ ઘેર નથી. બંદરે ગયા છે.''

અંદરથી છોકાઓ જવાબ આપે છે.

'' તમારી કૂતરી કયાં છે ? લાવો, મહારાજ સાહેબે મંગાવી છે.''

''કૂતરી તો કયાંય રખડતી હશે. સાહેબ આવે પછી આવજો''

છોકરાઓ બનાવટી જવાબ આપે છે.

'' અમે હમણાં તો એને ઝાંપમાં જતી જોઇ છે. અંદર જ છે. બારણાં ઉઘાડો, અમારેતપાસ કરવી છે. ''

છોકરાઓ બારણાં આડા ઉભા છે. બહારથી શિકારીઓ બારણાં ખખડાવે છે. ધમકીઓ તથા ગાળો પણ બોલે છે. છોકરાઓ એકના બે થતા નથી. બરાબર એ જ સમયે જેમની રાહ જોવાતી હતી એ માસ્તર આવે છે. માસ્તરના મોં પર ખડકની દ્રઢતા અને પ્રતિમાની નિશ્ચલતા છે - પણ પ્રતિમાની નિર્જીવતા નથી. સન્યાસીના દંડ જેવું સીધું શરીર અને માથુ પર્વતના શિખર પેઠે ઉંચું રહયું છે.

''નાનાભાઈ, નાનાભાઈ, આપણાં ફળિયામાં શિકારીઓ પેઠા છે.'' એક વિદ્યાર્થી દોડતો આવી ફરિયાદ કરે છે.

શિકારીઓમાંથી એક ઘરડો શિકારી આગળ આવી વાત સમજાવે છે : '' માસ્તર, વાત એમ બની છે કે કાલે સાંજે મહારાજા સાહેબની ગાડી અહીંથી નીકળેલી. તેમણે અહીં બે ગલુડિયા રમતા ભાળ્યાં. ગલૂડિયા રૂપાળાં હતા. એમને થયું કે, આપણે એ કૂતરી રાજમહેલમાં રાખીએ તો તેની ઓલાદ સરસ થાય એટલે અમને આજ કૂતરી લેવા મોકલ્યાં.''

''પણ કૂતરીને લઈ જાઓ તો ગલૂડિયા મરી જાય. ધાવે કોને ?'' છોકરાંઓ બોલ્યાં.

''એ તો દૂધ પવાય''

શિકારી કહે. '' લ્યો, માસ્તર, હવે કૂતરી લાવો. ''

''કૂતરી તો નહિ મળે''

માસ્તર દ્રઢતાથી બોલ્યા.

'' તમે શું બોલો છો તેનું કંઇ ભાન-બાન છે ? અમે તમારી હારે માથાઝીંક કરવા નથી આવ્યા. કૂતરી આપો નહિતર ઝાંપો તોડી અંદર આવીશું. ''

માસ્તર એક વિદ્યાર્થીને મોકલી સંસ્થાના મકાનમાં કોઇ બળજબરીથી પ્રવેશ કરવા માગે છે તેની પોલીસ ચોકીમાં ફરિયાદ નોંધાવવા સૂચના આપે છે. માસ્તરને સૌ ઓળખે. માસ્તરે કોલેજની મોટા પગાર તથા મોભા સાથેની પ્રોફેસરી છોડીને બાળકોને ચકાચકીની વાતો કહેવાનું કામ સ્વેચ્છાએ સ્વીકાર્યું છે. આથી પોલીસ ઉપરી તેના માણસો સાથે તરતજ સ્થળ પર આવે છે. પરંતુ અહીં આવીને રાજયના શિકારીઓને જોઇને સહેજ ખચકાય છે. પૂરી વાત સમજયા પછી મામલત વગરની કૂતરી માટે ઝગડો છે તેમ તેઓ સમજયા. આથી પોલીસ અધિકારી માસ્તરને કહે છે : '' કૂતરી આપી દોને ! ''

''કૂતરી તો શું પણ આ ફળિયાની કાંકરી પણ આપવી કે ન આપવી એ મારી મુનસફીની વાત છે '' માસ્તરની દ્રઢતા કાયમ રહી છે.

'' બે દોકડાની કૂતરી માટે મહારાજા સાહેબ સાથે..... રાજયના હજાર કામ તમે સંસ્થા લઈને બેઠા છો એટલે પડશે'' પોલીસ અધિકારીએ વ્યવહારૂ સલાહ આપી.

''કૂતરીનો સવાલ નથી. જબરજસ્તીનો સવાલ છે. જબરજસ્તીને હું નમતું નહિ આપું'' નાનાભાઈ ફરી એ જ દ્રઢતા સાથે કહે છે.

પોલીસ અધિકારી સજ્જન છે. મુંઝાય છે. અંતે સમસ્યાનો ઉકેલ કરવા માટે ખૂદ મહારાજ સાહેબસાથે ફોન પર માસ્તરની હાજરીમાં વાત કરે છે. આ તો ભાવનગરના સંસ્કારી મહારાજા છે. તેઓ નિર્ણય આપે છે.

'' શિકારીઓ ગાળો કાઢતા હોય તો તેમને કાઢી મૂકો ''

પ્રશ્ન કૂતરી બચાવવાનો કદાચ ગૌણ હતો પરંતુ નાગરિકનું સ્વમાન સાચવવાનો વિશેષ હતો. વર્તનના આવા અસાધારણ નૈતિક બળ સાથે તમામ જોખમ સમજપૂર્વક ઉઠાવનાર નાનાભાઈના હાથે મનુભાઈનું ઘડતર થાય તેમાં શી મણા રહે ? બન્નેમાંથી કોના વખાણ કરીએ ? દર્શક તથા નાનાભાઈ ભટ્ટની સ્મૃતિ ગુજરાતીઓને કદી વિસ્મૃત થશે નહિ.

# ગાંધીએ તો ચપટી મીઠું ઉપાડ્યું પણ પ્રજાએ પોણોસો મણ મીઠું દેશભરમાં પકવ્યું



દાંડીના દરિયાકિનારે પહોંચીને તેમણે મીઠું ઉપાડ્યું. તેમણે એવો પણ આદેશ આપ્યો હતો કે હું પહેલાં મીઠું પકવું પછી દેશવાસીઓને કાયદાનો ભંગ કરવો. એવું થયું પણ ખરું. અનેક લોકોએ તેમના પછી મીઠું પકવ્યું. હેતુ એક જ હતો : અન્યાયી કાયદાનો ભંગ કરવો. આમ જોઈએ તો એ સામાન્ય બાબત લાગે. અંગ્રેજ સરકાર પણ એમ કહેતી કે એક ચપટી મીઠામાં શું ? એમાં શી મોટી વાત ? પણ એ જ અંગ્રેજ સરકારે એવું નોંધ્યું છે કે તે વખતે તેમની સાથે થવા અનેક લોકોએ મળીને પોણોસો મણ મીઠું પકવ્યું હતું ! જયાં દરિયાકિનારો નહોતો ત્યાંય પાણીનું ખાબોચિયું બનાવી લોકોએ મીઠું પકવ્યું હતું ! જે અંગ્રેજ એમ માનતા હતા કે ચપટી મીઠું જ ને એ પણ દિગ્મૂઢ બની ગયા હતા.

મીઠા કર સામેનો સત્યાગ્રહ ગાંધીએ પહેલા પોતે કરીને એ વિરોધમાં લોકસમૂહને જોડી દીધો હતો. અમદાવાદથી દાંડીની પદયાત્રામાં ગુજરાતના ભૌગોલિક દષ્ટિએ બહુ નાના ભાગને સાથે જોડ્યો પણ યાત્રા જેમ જેમ આગળ જતી ગઈ તેમ તેમ માર્ગમાં આવતા ગામડા કે નગર કે એની આજુબાજુનો જનસમૂહ જ નહીં પરંતુ સમગ્ર દેશ જોડાઈ ગયો. તમામ ભારતીયોને ગાંધીએ એક સમાન વિરોધ તરીકે ઓળખાવ્યો છે. એની સમજ આપતા તેઓ કહે છે કે મીઠા સામેના સાંકેતિક વિરોધનો સંકેત ભૂમિતિના જેવો હતો. જેમાં X ની કિંમત માણસ ઠરાવે છે.

**ગાંધીની ભાષામાં બળુકી બોલી અસરકારક રીતે જોવા મળે છે**

આવી રીતે ગાંધીજીએ સહુને સ્પર્શતી વાત એવા અન્યાયી કાયદાના ભંગ સાથે બહુ સહજતાથી અને બહુ થોડા દિવસોમાં દેશવ્યાપી બનાવી દીધી. કાયદા ભંગનું આંદોલન દેશવ્યાપી હોય છતાં શાંત અને અહિંસક જ વિરોધ થાય એ પણ ગાંધીજીની કેળવાયેલી સત્યાગ્રહીતાના કારણે હતી એમ કહી શકાય.




મોતીલાલ નહેરુએ દાંડીકૂચ શરૂ કરે એ પહેલા ગાંધીજીને પત્ર લખીને પૂછ્યું હતું કે, 'વાઈસરોયને તમે લખેલા કાગળમાં સત્યાગ્રહ વિશેની અગિયાર શરતો દર્શાવી છે, તે તે ઠીક છે પણ તેમાં ચોથી શરત મીઠામાં છે. આ મીઠાનું શું છે ? અંગ્રેજીમાં ટાઈમ કરેલો આ પત્ર ગાંધીજીને મોડો મળ્યો. કૂચ શરૂ થઈ ગઈ હતી. ગાંધીજીએ તેમને પોસ્ટકાર્ડ લખ્યું અને હિંદીમાં એટલું જ જણાવ્યું, 'આઝમા કે દેખ લો.' ગાંધીને સવાલ પૂછીને માર્ગદર્શન માગનારા આવા તો અનેક નેતાઓ હતા. પણ ગાંધીએ સીધું માર્ગદર્શન કરવાનો બદલે, સાંકેતિક જવાબ આપ્યો, 'અજમાવી જુઓ.' કારણ ગાંધી તો પ્રયોગો જ કરતા હતા, સત્યના પ્રયોગો. ને મોતીલાલ નહેરુએ બે જ શબ્દના જવાબને અમલમાં મૂકવા માટે અંગ્રેજ સરકારને જાણ કરી કે અલ્હાબાદના ચોકમાં સવારે નવ વાગે મીઠું પકવી હું કાયદાનો ભંગ કરીશ. કાયદા ભંગ પકવી હું કાયદાનો ભંગ કરીશ. કાયદા ભંગ કરે એના બે કલાક પહેલા મોતીલાલની પોલીસે ધરપકડ કરી. પોલીસ જાપ્તામાં જેલમાં જતા અગાુ તેમને ગાંધીને લખ્યું 'આજમાને સે પહેલે દેખ લિયા.'

ગુજરાતીમાં માણસની ઓળખ માટેની એક લોક કહેવત છે. 'મીઠાં વગરનો માણસ' - આ કહેવત જીવનમાં મીઠાની કેટલી જરૂરિયાત છે એ તો સ્પષ્ટ કરે જ છે અને સાથોસાથ માણસની પણ. કોઈ માણસ ઢીલો પોચો હોય - એના માટે આ કહેવત છે. પરંતુ ગાંધીને આ કહેવતના સંદર્ભમાં જોઈએ તો એમ કહી શકાય કે મીઠાના કાયદા સામે સવિનય કાનૂન ભંગની લડત ઉપાડીને સ્વરાજ આંદોલનમાં જોડાયેલો પ્રત્યેક ભારતીય મીઠાં વાળો માણસ છે, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે અને અમાનવીય કાયદા સામે તે લડશે, ભારતનો એક પણ માનવી મીઠા વગરનો નથી એમ કશું જ લખ્યા કે બોલ્યા વગર તેમણે સાબિત કરી દીધું.

આપણે જયારે ગાંધીનો અભ્યાસુ તરીકે વિચાર કરીએ ત્યારે તેમના પ્રત્યાયનમાં બે ખાસ બાબતો નોંધનીય છે. એક તો એ કે એમને પત્ર લખનારને એ તરત જ જવાબ આપતા હતા. અને બીજી બાબત એ કે તેમના પ્રત્યુત્તરની ભાષા ખૂબ ટૂંકી અને સ્પષ્ટ સંદેશાની રહેતી હતી. આ વાત તો કોઈના પત્ર સંદર્ભેની છે પરંતુ ગાંધીજીની બીજી એક વિશેષતા એમની ભાષા ઉપરની પક્કડ અને પ્રત્યેક શબ્દની તાકાત તેવી હોય છે એ દર્શાવતી પણ હતી. પોતાના શબ્દો દ્વારા પણ તેઓ સચોટ સંદેશો આપતા હતા. તો સાથોસાથ તેઓ પોતાના પ્રયોગની સિદ્ધિ વખતે પણ સ્પષ્ટ કરતા હતા. છઠ્ઠી એપ્રિલ ૧૯૩૦ના દિવસે જયારે ગાંધીએ દાંડીના દરિયે ચપટી મીઠું ઉપાડ્યું. તે વખતે કહ્યું હતું, 'બ્રિટીશ સલ્તનતને હું લૂણો લગાડું છું.' - એમનું આ કાયદા ભંગનો વાક્ય પણ અદ્ભૂત છે. ગુજરાતીઓ જયારે ઉપવાસ કરે અને એ વખતે ફરાળમાં જો મીઠું ના લે તો તેને અલૂણા કહેવાય. ગાંધીએ મીઠું ઉપાડ્યું ને કહ્યું લૂણો લગાડું છું. - ગાંધીનો સંદેશાની ભાષામાં આ રીતે બળૂકી બોલી પણ હતી.